ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

**પ્રેસનોટ- 2053/10/2023** **તા:09/10/2023**

<u>યુવા મોરચાના પ્રમુખ ડો.પ્રશાંતભાઇ કોરાટે એશિયન ગેમ્સમાં રમતવીરોને શાનદાર પ્રદર્શન બદલ અભિનંદન પાઠવ્યા તેમજ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને રમત ગમત ક્ષેત્રે દેશને મજબૂત કરવા બદલ આભાર વ્યકત કર્યો.</u>

---

<u>એશિયન ગેમ્સ 2023માં ગુજરાતમાંથી 8 ખિલાડીઓએ ભાગ લીધો હતો જેમના પ્રોત્સાહન માટે તેમના ઘરે જઇ યુવા મોરચાની ટીમ દ્વારા અભિનંદન પાઠવવામાં આવશે. – શ્રી ડો.પ્રશાંત કોરાટ</u>

----

<u>કોંગ્રેસની સરકારમાં રમતગમત ક્ષેત્રે પુરતુ પ્રોત્સાહન આપવામાં આવતુ નહતું. ખિલાડીઓને યોગ્ય દિશા અને જરૂરી મદદ મળતી ન હતી. રમતોમાં ખિલાડીઓને માર્ગદર્શન આપનાર કોચની વ્યવસ્થા પણ ન હતી જેથી દેશના રમતવીરોને તક મળતી ન હતી – શ્રી ડો. પ્રશાંત કોરાટ</u>

----

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે રમતવિરો માટે વિશેષ બજેટ ફાળવી ભવિષ્યમાં વધુમાં વધુ મેડલો દેશમાટે મળે અને રમત ગમત ક્ષેત્રે પણ ભારત એક શક્તિશાળી દેશ તરીકે ઉભરી આવે તે માટે સતત પ્રયત્નશીલ છે. ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીના માર્ગદર્શન હેઠળ એશિયન ગેમ્સ 2023માં ગુજરાતમાંથી 8 ખિલાડીઓએ ભાગ લીધો હતો જેમના પ્રોત્સાહન માટે તેમના ઘરે જઇ યુવા મોરચાની ટીમ દ્વારા અભિનંદન પાઠવવામાં આવશે. એશિયન ગેમ્સ 2023માં ભારતીય દેશના ખિલાડીઓએ જુદી-જુદી રમતાં જીતી 107 મેડલ પ્રાપ્ત કર્યા છે. ભારતીય ખિલાડીઓએ 28 ગોલ્ડ, 38 સિલ્વર,41 બ્રોન્સ જીત્યા છે. મેડલ મેળવવાની યાદીમાં પણ ભારતના ખિલાડીઓએ 107 મેડલ સાથે ટોપ-4માં સ્થાન મેળવ્યું છે. એશિયન ગેમ્સમાં ભારતના ખિલાડીઓએ શાનદાર પ્રદર્શન બદલ અભિનંદન પાઠવતી પ્રેસ કોન્ફરન્સ આજ રોજ પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે યોજાઇ હતી.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

શ્રી કોરાટે જણાવ્યું કે, રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શનમાં અને રમત ગમત મંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીના નેતૃત્વમાં ખૂબ જ ટુંકા સમયમાં ગુજરાત ખાતે નેશનલ ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં 48 ખેલાડીઓએ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યા હતા. આ નેશનલ ગેમ્સ થકી ઘણા ખેલાડીઓને એસિયન ગેમ્સમાં ભાગ લેવાની તક મળી હતી.

આ પ્રેસમાં યુવા મોરચાના પ્રદેશ પ્રમુખશ્રી ડો.પ્રશાંત કોરાટે સંબોધન કરતા જણાવ્યું હતું, એશિયન ગેમ્સ 2023માં ભારતીય ખિલાડીઓએ પહેલી વખત 100થી વધુ મેડલ પ્રાપ્ત કરી ભારત દેશું ગૌરવ વધાર્યુ છે. દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જે રીતે દેશમાં નવી સ્પોર્ટસ નીતી બનાવી જેના કારણે આજે યુવાનો જુદી જુદી રમતમાં નાના ગામડાથી લઇ મોટા શહેરોના ખિલાડીઓએને તેમની પ્રતિભા સાબિત કરવાની એક ઉજળી તક મળી રહી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે દેશના રમતવિરોને ખેલો ભારતના માધ્યમથી પ્રોત્સાહીત કર્યા છે. 960 જેટલા રમતગમત કેન્દ્ર અને 652 થી વધુ જિલ્લાની અંદર 3 હજાર કરોડથી વધુની રકમનો ખર્ચ કરીને 32 હજાર જેટલા રમતવિરોને યોગ્ય પ્લેટફોર્મ આપ્યુ છે. જે આજે એશિયન ગેમ્સમાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શનમાં આપણે જોઇ શકીએ છીએ.

શ્રી કોરાટે વધુમાં જણાવ્યું કે, કોંગ્રેસની સરકારમાં રમતગમત ક્ષેત્રે પુરતુ પ્રોત્સાહન આપવામાં આવતુ નહતું. ખિલાડીઓને યોગ્ય દિશા અને જરૂરી મદદ મળતી ન હતી. રમતોમાં ખિલાડીઓને માર્ગદર્શન પાડતા કોચની વ્યવસ્થા પણ ન હતી જેથી દેશના યુવા પ્રતિભાને ખીલતી ન હતી. 2014માં ઇન્ટર સાઉથ કોરિયાની એશિયન ગેમ્સમાં ભારતે 57 મેડલ પ્રાપ્ત કર્યા હતા, જાપાનમાં યોજાયેલ અશિયન ગેમ્સમાં 70 મેડલ પ્રાપ્ત કર્યા અને આ વખતે 107 મેડલ જીતી ભારતીય ખિલાડીઓએ ઐતિસાહીક પ્રદર્શન કર્યુ છે. એશિયન ગેમ્સમાં ઐતિહાસીક પ્રદર્શન કરવા બદલ દરેખ ખિલાડીને ખૂબ ખૂબ અભિનંદ તેમજ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જે રીતે રમત ગમત ક્ષેત્રે ચિંતા કરી રહ્યા છે તે બદલ તેમનો વિશેષ આભાર.

આ પ્રેસ કોન્ફરન્સમાં પ્રદેશ મીડિયા કન્વીનરશ્રી ડો.યજ્ઞેશભાઇ દવે, યુવા મોરચાના પ્રદેશ મહામંત્રીશ્રી ડો.નરેશભાઇ દેસાઇ,યુવા મોરચા પ્રદેશ મીડિયાના કન્વીનરશ્રીઓ શ્રી લીલાધરભાઇ ખડકે, શ્રી કૃતિકભાઇ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)